॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# સત્યાગ્રહ મીમાંસા

**પ્રો. (ડૉ.) યોગેન્દ્ર પારેખ**

**સારાંશ:** આધુનિક વિશ્વમાં મહાત્મા ગાંધીજીના જીવનકાર્યને કારણે "સત્યાગ્રહ" શબ્દને વૈશ્વિક ઓળખ મળી છે.સત્યાગ્રહ એટલે રેલી ઉપવાસ કે આંદોલન જેવી ધારણાઓ અધુરી સમાજની નિશાની છે. સત્ય- આગ્રહ એવા બે શબ્દોના સમાસ થી બનેલો શબ્દ "સત્યાગ્રહ" આગવી સમજ અને ઇતિહાસ ધરાવે છે. સત્યાગ્રહનું તાત્વિક અર્થઘટન મર્મ સર્વથા પ્રેરક છે. જાહેરજીવનમાં સક્રિય લોકો માટે જ નહીં પણ જીવનશૈલી સંદર્ભે પણ સત્યાગ્રહનું મહત્વ વ્યક્તિ જીવનમાં પણ ઓછું નથી. દક્ષિણ આફ્રિકામાં જાહેર ચળવળ નિમિત્તે ઉદય પામેલો શબ્દ 'સત્યાગ્રહ' આજે પણ અસરકારક ભૂમિકાએ અભ્યાસ કરવા માટે પ્રેરે છે. ગાંધીજીના અંતેવાસી અને સત્યાગ્રહી શિષ્ય વિનોબા ભાવેએ પણ સત્યાગ્રહ વિશે મૂલ્યવાન ચિંતન આપ્યુ છે. સત્યાગ્રહીની ક્રાંતિકારી મોહનદાસ કરમચંદ ગાંધીના જીવનમાં સત્યાગ્રહ વણાઈ ચૂક્યો હતો. આપણે અહીં'સત્યાગ્રહ મીમાંસા' દ્વારા અપૂર્વ કહી શકાય એવા ગાંધીમાર્ગને સમજવાનો ઉપક્રમ છે.

**ચાવીરૂપ શબ્દો**: સત્યાગ્રહ, ચળવળ, ઉપવાસ, ગાંધી ચીંધ્યો માર્ગ, દક્ષિણ આફ્રિકા, શાંત પ્રતિકાર અહિંસા આંદોલન વિનોબા ભાવે.

ગાંધીજી અને સત્યાગ્રહ આ બંને શબ્દો એકબીજાના પર્યાય જેવા લાગે એ સ્વયંસિદ્ધ હકીકત છે. ગાંધીજીના જીવનકાર્યમાં; ટાળવા યોગ્ય બાબતનો ત્યાગ અને આચરણમાં મૂકવા યોગ્ય બાબતના અમલમાં 'સત્યાગ્રહી તત્પરતા' ઊડીને આંખે વળગે તેવું લક્ષણ છે. પોતે, દુનિયાને કશું જ નવું શીખવવાનું નથી; સત્ય અને અહિંસા અનાદિ કાળથી ચાલ્યા આવે છે - એમ જણાવી ગાંધીજીએ સત્ય અહિંસા જેવા મૂલ્યવાન જીવનવ્રતોને અનુસરનાર વિનમ્ર સાધક તરીકે પોતાને ઓળખાવ્યા .

ઉપનિષદમાં અનેક મંત્રોમાં સત્યનો મહિમા વ્યક્ત થયો છે. ગાંધીજીએ 'સત્ય એ જ પરમેશ્વર છે' એમ કહ્યું તે સર્વવિદિત છે પણ તેના મૂળ બૃહદારણ્યક ઉપનિષદમાં છે. ડો. ગુણવંત શાહ નોંધે છે : બૃહદારણ્યક ઉપનિષદમાં તો કહ્યું છે: સત્ય એ જ બ્રહ્મ છે ( સત્યં હિ એવ બ્રહ્મ ) સંસ્કૃતમાં સંન્યાસ માટે અનોખો શબ્દ છે : 'સત્યાશ્રમ'. મૈત્રાયણી ઉપનિષદમાં કહ્યું છે: સત્ય વૈ ચક્ષુ : સત્ય એટલે ત્રીજી આંખ. આચારંગ સૂત્ર માં મહાવીર સ્વામી કહે છે: સત્ય એ જ ભગવાન છે. 1 સત્ય વિશેની આ મૂલ્ય પ્રતિષ્ઠા ભારતીય પરંપરામાં અસાધારણ રીતે વ્યક્ત થઈ શકે છે.

ગાંધીજીની જીવનસાધના સત્યનિષ્ઠ હતી. છેક બાળપણથી પોતાના દરેક કાર્યને વિષે અંતરાત્માના અવાજને અનુસરવાની ટેવ સહજ રીતે જીવનચર્યામાં વણાઈ જાય છે. જેમ જેમ આત્મમંથન, આત્મજાગૃતિ સૂક્ષ્મ બને છે તેમ તેમ "સત્યના પ્રયોગો" તેમના વિચાર આચરણના અદ્વૈત નો પ્રમાણભૂત દસ્તાવેજ બને છે.

ગાંધીજીએ આત્મકથામાં 'સત્યાગ્રહની ઉત્ત્પત્તિ' શીર્ષકથી વિગતે વાત કરી છે.દક્ષિણ આફ્રિકામાં હિંદીઓના અધિકાર માટેની લડતને 'પેસીવ રેઝિસ્ટન્સ' નામે ઓળખ મળી. આ લડતને માટે હિન્દી હિલચાલ કે ચળવળ જેવા શબ્દો પણ સહજ રીતે ગુજરાતીમાં વપરાતા. આ ગુજરાતી શબ્દોની જેમ જ 'પેસીવ રેઝિસ્ટન્સ' જાણીતું થાય છે. પેસીવ શબ્દોનો અર્થ 'નિષ્ક્રિય' થાય. ગાંધીજીની ચળવળ નિષ્ક્રિય નહોતી. ગાંધીજી જે રીતે લડત ચલાવતા હતા એ અર્થમાં 'પેસીવ' શબ્દનો વ્યંજનાર્થ 'શાંત' એવો કરી શકાય. ગાંધીજીની આ લડતમાં આત્મબળ, પ્રેમની શક્તિ, પ્રતિપક્ષના હૃદય પરિવર્તનની સંભાવના; જેવા મૂલ્યબોધને પ્રગટ થાય તેવા શબ્દની શોધમાં હતા. એ શબ્દ શોધી આપે તેને માટે 'ઇન્ડિયન ઓપીનીયન' માં ઇનામ જાહેર કર્યું. ગાંધીજી એ લખ્યું છે: પણ મને તેઓ સ્વતંત્ર શબ્દ કેમે કર્યો સૂઝે નહીં. તેથી તેને માટે નામનું ઈનામ કાઢી ઈન્ડિયન ઓપિનિયનમાં વાચકો વચ્ચે તેને સારુ હરીફાઈ કરાવી. આ હરીફાઈને પરિણામે સત + આગ્રહ એમ મેળવીને 'સદાગ્રહ' શબ્દ મગનલાલ ગાંધીએ બનાવી મોકલ્યો. તેમણે ઈનામ લીધું પણ 'સદાગ્રહ' શબ્દને વધારે સ્પષ્ટ કરવા ખાતર મેં 'ય' અક્ષરને વચ્ચે ઉમેરીને 'સત્યાગ્રહ' શબ્દ બનાવ્યો, ને તે નામે ગુજરાતીમાં લડત ઓળખાવા લાગી'. 2

સત્યાગ્રહ વિશે ગાંધીજી કહે છે; 'સત્યાગ્રહ નાગરિકનો એક જન્મસિદ્ધ હક છે. એનો ત્યાગ કર્યો એટલે તે માણસ મટયો.'3

સત્યાગ્રહને જીવનાદર્શ તરીકે નહિ પણ જીવન જીવવાના મૂળભૂત અધિકાર તરીકે ગાંધીજી ઓળખાવે છે. સત્યાગ્રહ નાગરિક અધિકાર તરીકે પ્રતિષ્ઠિત થાય એ વાત કે વિચાર જ સતયુગની એંધાણી જેવી લાગે. અલબત્ત આજે આપણે નાગરિક અધિકારની ભૂમિકાએ સત્યાગ્રહની કલ્પના કરી શકીએ તેવા વિશ્વમાં રહેતા નથી; અથવા એમ કહી શકાય કે ગાંધીજીની કલ્પનાનો સત્યાગ્રહી નાગરિક દુર્લભ થતો જાય છે .

સત્યાગ્રહ જેવા જીવનમૂલ્યોની વ્યક્તિગત રીતે આચરણમાં મુકવાની સંભાવના મુશ્કેલ નથી. તેથી વિનોબાએ કહ્યું 'આપણા આખાએ જીવનનું ઘડતર સત્યાગ્રહી નિષ્ઠા પર કરવું. ગમે તેટલી મુસીબતો આવે તોયે જેને આપણું સત્ય સમજીએ છીએ તેના પર ટકી રહેવું, એ છે સત્યાગ્રહ. આવી રીતે સત્ય પર ટકી રહેવાની શક્તિ જનતામાં હોવી જોઈએ. આ એક જ શક્તિ છે, જેના થકી દુનિયા હિંસાથી બચી શકે તેમ છે. હું માનું છું કે દુનિયાને માટે સત્યાગ્રહથી વધારે મુક્તિદાયક બીજું એકે શસ્ત્ર નથી. જે તે સમાજમાં જે કંઈ સમસ્યાઓ હોય, તેને ઉકેલવા માટે આ શક્તિનો ઉપયોગ થઈ શકે'.4

સત્યાગ્રહનો મહાન વિચાર ગાંધીજીના જાહેરજીવનમાં મૂલ્યવાન પ્રદાન છે. સત્યાગ્રહ એ પૂર્ણતઃ જીવન નિષ્ઠાનું પરિણામ છે. ગાંધીજીએ પોતાના જીવન વ્યવહારમાં સિદ્ધ કર્યું કે સત્યાગ્રહ અસંભવ આદર્શ નથી. સત્યની આદિકાળથી ચાલી આવતી પ્રતિષ્ઠાને સામૂહિક પ્રયોગ તરીકે આચરણમાં મૂકવાનું સાહસ ગાંધીજીએ કર્યું. શાસ્ત્રમાં સ્થિર સત્યને પ્રયોગની ભૂમિ પર પ્રસારિત કરી ગાંધીજીએ પ્રાચીન જીવનમૂલ્યને અર્વાચીન વિશ્વમાં વ્યાપક ઉપયોગમાં લઈ શકાય એ વાતનું નીવડેલું પરિણામ જગતને આપ્યું. વિનોબા યોગ્ય રીતે જ કહે છે; 'પેહલાંના જમાનામાં આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ વ્યક્તિગત અને કૌટુંબિક ક્ષેત્ર લગી સીમિત રહ્યો. આ આધ્યાત્મિક શક્તિનો વ્યાપક ઉપયોગ થઈ શકે છે, તેનું પ્રત્યક્ષ ભાન આપણને ગાંધીજીએ કરાવ્યું. આ પહેલા તેનો પ્રત્યક્ષ અમલ મોટા પ્રમાણમાં ક્યાંય નહોતો થયો. તેનો અમલ કરી દેખાડવાનો અવસર ભગવાને હિન્દુસ્તાનને આપ્યો, અને તે કામ ગાંધીજી દ્વારા થયું.'5

અગાઉ આપણે જોયું તેમ પ્રચલિત થયેલા 'પેસીવ રેઝિસ્ટનસ'- 'નિ;શસ્ત્ર પ્રતિકાર' શબ્દની મર્યાદા અને 'સત્યાગ્રહ' શબ્દનો મર્મ ગાંધીજીએ જે રીતે દર્શાવ્યો તે સત્યાગ્રહની સાચી સમજ પ્રગટ કરે છે. :

1. નિ:શસ્ત્ર પ્રતિકારમાં પ્રેમને અવકાશ નથી. સત્યાગ્રહમાં વૈરભાવને સ્થાન નથી. (સ્નેહની પ્રતિષ્ઠા )

2. નિ:શસ્ત્ર પ્રતિકાર શસ્ત્રબળની પૂર્વ તૈયારી રૂપે હોય છે. સત્યાગ્રહી માટે શસ્ત્રનો નિષેધ છે.

3. નિ:શસ્ત્ર પ્રતિકાર સગાં વહાલાં સામે થઇ ન શકે. સત્યાગ્રહ પ્રેમીજનો સામે પણ થઈ શકે .

4. નિ:શસ્ત્ર પ્રતિકારમાં વિરોધ પક્ષને દુઃખ દેવાની, સતામણીની કલ્પના કે સંભાવના હોય છે સત્યાગ્રહમાં બીજાને દુઃખ દેવાની કલ્પના જ હોઈ ન શકે.

આમ, ગાંધીજીની સત્યાગ્રહ વિશેની મૂળ ભાવના હૃદયની નિર્મળતા, કરુણા, વ્યાપક ધર્મભાવના, સદભાવ અને અહિંસાના આચરણથી સભર છે. વ્યક્તિગત ભૂમિકાએ વ્યવહારમાં અને જાહેર જીવનમાં સામૂહિક પ્રયોગ તરીકે સત્યાગ્રહી સક્રિયતા ગાંધીજીના સમગ્ર જીવનકાર્યને માનવજાતિના ઇતિહાસમાં અગ્ર હરોળમાં પ્રતિષ્ઠિત કરે છે ભારતીય સંસ્કૃતિની આધ્યાત્મિક પરમ્પરાના જીવન સૂત્રોનો પરિચય, અભ્યાસ અને શ્રદ્ધાયુક્ત આદર ગાંધીજીને સત્યાગ્રહના માર્ગે પ્રશસ્ત કરે છે.

સત્યાગ્રહી જીવનશૈલી : વ્યક્તિગત જીવનમાં રોજબરોજના આચરણમાં સત્યાગ્રહી વલણ જન્મે ત્યારે વ્યક્તિ જનસામાન્યથી મુઠ્ઠી ઊંચેરો સિદ્ધ થાય છે. સત્યનો જીવનમૂલ્ય તરીકે સ્વીકાર કર્યા પછી ‘કશું પણ ચલાવી ન લેવું’ એવો સંકલ્પ વ્યવહાર જીવનમાં મુશ્કેલીઓ ઊભી કરે પણ સત્યાગ્રહી મનુષ્ય એવી મુશ્કેલીઓ કે પડકારો સામે હૃદયની શુદ્ધ નિષ્ઠાથી અવિચળ રહે છે.

૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી હિંદ પરત ફર્યા પછી કોચરબ આશ્રમમાં ગાંધીજીએ નિવાસ શરૂ કર્યો. રૂઢિજડ એવા એ સમયમાં આભડછેટનો પ્રશ્ન વિકટ હતો. ગાંધીજીએ આત્મકથામાં ‘કસોટીએ ચડયા’ પ્રકરણમાં સૈદ્ધાંતિક ભૂમિકાએ સત્યનિષ્ઠાનું પાલન કરવામાં કેવી મુશ્કેલી આવે છે તેની વિગતે વાત કરી છે આપણે સંક્ષિપ્તમાં જોઈએ તો કોચરબ આશ્રમની સ્થાપનાને હજુ થોડા જ મહિના થયા હતા ત્યારે અમૃતલાલ ઠક્કર (ઠક્કરબાપા) એ ગાંધીજીને પત્ર દ્વારા, એક અત્યંજ કુટુંબને આશ્રમમાં રાખવાની ભલામણ કરી હતી. ગાંધીજીએ પત્રના જવાબમાં જણાવ્યું પણ ખરૂં કે તે કુટુંબ આશ્રમના નિયમ પાળવા તૈયાર હોય તો તેને લેવાની તૈયારી છે. મુંબઈ ગામે શિક્ષક તરીકે કામ કરતા દુદાભાઈ, તેમનાં પત્ની દાની બહેન અને દીકરી લક્ષ્મી આશ્રમમાં આવ્યા ત્યારે અમદાવાદમાં ઘણો વિરોધ થયો. આશ્રમને મળતી આર્થિક સહાય બંધ પડી એ વખતે પણ ગાંધીજીએ પોતાનો સિધ્ધાંત ન છોડ્યો. 'આપણે સૌ એક પિતાના સંતાન’ એમ સમજનાર ગાંધીજીએ પોતાની સમજણને આચરણમાં મૂકી. અંત્યજ કુટુંબને સાથે જ રાખ્યું. અસ્પૃશ્યતાને કલંક ગણનાર ગાંધીજી 1915ના એ દિવસોમાં સમગ્ર ભારતમાં કે અમદાવાદમાં વ્યાપક પ્રતિષ્ઠા કે ઓળખ પામ્યા

નહોતા. ભાડાના મકાનમાં શરૂ કરેલ કોચરબ આશ્રમને પૈસાના અભાવે છોડવો પડે તો અંત્યજવાડે રહેવા જવાનો સંકલ્પ કરી રહેલા મહાત્માની મક્કમતા આગળ અમદાવાદી વિરોધ નબળો પડ્યો. આશ્રમની આર્થિક મુશ્કેલી જાણી અંબાલાલ સારાભાઈ જેવાં પ્રથમ પંકિતના મહાજને તેર હજારની રોકડ રકમ સહાય કરી આશ્રમને એક વર્ષના ખર્ચની ચિંતામાંથી મુક્ત કરવાનું કામ કર્યું .

કોચરબ આશ્રમમાં અંત્યજ કુટુંબના સમાવેશ બાબતે ગાંધીજીએ જે વિરોધનો સામનો કરવો પડ્યો એ સામનો કરવાની તૈયારી અને જરૂર પડ્યે અંત્યજવાડે રહેવા જવાની મક્કમતા જ એમના સ્ત્યાગ્રહી વલણનો પરિચય આપે છે. આવા એકાધિક પ્રસંગોમાં ગાંધીજીના આત્મબળનો પરિચય થાય છે. 'મરતાં પણ સત્ય ન છોડવું' એવો જીવનસંકલ્પ સહેજ પણ નબળો ન પડે એ માટેની અસાધારણ જાગૃતિ ગાંધીજીના જીવનમાં સહજ રીતે દરેક પ્રસંગે કે પ્રયોગમાં જોવા મળે છે.

**સત્યાગ્રહમાં જડતાને સ્થાન નથી** : સત્યાગ્રહી જિદ્દી કે પોતાના મતને વિશે જડ હોય એવી છાપ એ અધૂરી સમજની નિશાની છે. કોઈ પણ સમસ્યા કે મુદ્દાને વિશે પક્ષ-વિપક્ષ કે પ્રતિપક્ષ એવી સ્થિતિ હોય ત્યારે બન્ને પક્ષની પાસે પોતાનું સત્ય હોય છે. સત્યાગ્રહ એ પોતાના મંતવ્યને ખરું સાબિત કરવા માટેની ચળવળ નથી. પોતે જ સાચો છે કે સાચા છે એવું સમજીને 'પોતાનો કક્કો ખરો' કરાવવા ઉપવાસનો આશ્રય લઈ દબાણ ઊભું કરવું એ સત્યાગ્રહ નથી. ગાંધીજીના ઉપવાસ આત્મશુદ્ધિ અર્થે હતા. પ્રતિપક્ષના મુદ્દાને સમજવાની પ્રમાણિક મથામણ અનિવાર્ય છે. સંભવ છે કે પરિસ્થિતિનું સત્ય પારખવામાં ભૂલ થવાના કારણે, સમસ્યા વિશેની અપૂર્ણ સમજના કારણે વ્યકિત પોતાના અભિપ્રાયને આખરી ગણી તેને સત્ય સાબિત કરવા જીદે ચડી જાય ત્યારે સંઘર્ષની સ્થિતિ નિર્માણ પામે છે. વિનોબા યથાર્થ રીતે નોંધે છે કે ; સત્યાગ્રહમાં આપણે ખમવું પડે, સહન કરવું પડે તે સહન કરવા તૈયાર થઈએ, એ જુદી વાત; પણ સહન કરવું એને જ હથિયાર બનાવવાનું કે આવી જાઓ, હવે હું સહન ન કરું છું, એ બરાબર નથી. જેવી રીતે સામાને હરાવવા માટે તોપ હોય, તેવી રીતે તોપને બદલે ઉપવાસ લગાડી દે, એ કાંઈ સત્યાગ્રહનું લક્ષણ નથી. ' હું માનું છું કે ઉપવાસ એ સત્યાગ્રહીનું ઉત્તમ શસ્ત્ર છે; પણ એ શસ્ત્ર એવું કે એનો યોગ્ય ઉપયોગ થાય, તો જ ફળદાયી નીવડે.' 6

ઉપવાસનાં શસ્ત્ર વિશે યોગ્યતા કોણ નક્કી કરે એ પ્રશ્ન સ્વાભાવિક છે. ગાંધીજી સત્યાગ્રહમાં ઉપવાસ કરતા. સત્યાગ્રહની કષ્ટ સહન કરવાની ક્ષમતા ગાંધીજીએ પોતાના સંદર્ભમાં બરાબર તપાસી હતી. ગાંધીજીના ઉપવાસ પ્રેમ, કરુણા અને સમરસતાની ત્રિ-ધરી પર આધારિત હતા.

૧૯૪૮ના જાન્યુઆરી મહીનાના બીજા સપ્તાહમાં, ૧૩મી જાન્યુઆરીએ શરૂ કરેલા ઉપવાસ એ માત્ર પાકિસ્તાનને પંચાવન કરોડ આપવાના એક માત્ર મુદ્દા પર ન હતા. દિલ્હીમાં ફાટી નીકળેલાં કોમી તોફાનોને શાંત કરવા માટે તેઓ ઉપવાસ ઉપર ઉતર્યા હતા. આ ઉપવાસ દરમિયાન પાકિસ્તાનને તેના ભાગે આવતા પંચાવન કરોડ રૂપિયા આપવાનો આગ્રહ સમાંતર રીતે હતો જ. ગાંધીજીના આગ્રહને વશ થઈ બીજા દિવસે જ કેન્દ્ર સરકારે પાકિસ્તાનને પૈસા આપવાની બાપુની વાત સ્વીકારી લીધી હતી. પંચાવન કરોડ આપવાની સત્તાવાર જાહેરાત બાદ પણ ગાંધીજીના ઉપવાસ સત્તર તારીખ સુધી ચાલુ જ હતા. મુદ્દો એ છે કે ઉપવાલ આત્મશુદ્ધિ અને કોમી એકતા માટે હતા.

સ્વતંત્ર ભારતમાં છાશ વારે ‘ઉપવાસ’ નું શસ્ત્ર ઉગામી ‘ગાંધીચીંધ્યા માર્ગે’ આંદોલન શરૂ કરનાર લોકો રોજબરોજના જીવનમાં પરિગ્રહ, પ્રતિષ્ઠા, ભ્રષ્ટ આચરણ , સંપતિ સર્જન અને કરપીણ કૂટનીતિના દુષ્ચક્રમાં ઘેરાયેલા હોય છે. સત્ય, પ્રેમ, કરુણાથી જોજનો દૂર વ્યક્તિ ઉપવાસનો શસ્ત્ર તરીકે ઉપયોગ કરે ત્યારે ધારી અસર પડતી નથી.

એકવીસમી સદીમાં ‘ગાંધીમાર્ગ’ અપ્રસ્તુત નથી. ગાંધીમાર્ગે ચાલવાનો દેખાડો કરનાર અપ્રસ્તુત છે. તેવા લોકોની ચાલવાની ઢબ અપ્રસ્તુત છે. વિનોબા યોગ્ય રીતે જ કહે છે; ‘સત્યાગ્રહ એ કોઈ નેગેટિવ- નકારાત્મક વસ્તુ નથી, પોઝિટીવ, ભાવાત્મક, સકારાત્મક વસ્તુ છે. તેમાં આખાયે જીવનને સત્યના આધારે ઊભું કરવાની વાત છે. તેને માટે સેવા, કરુણા, આત્મશુદ્ધિમ, તપસ્યા વગેરેની જરૂર છે. સત્યાગ્રહના નામે આજકાલ જે બધું ચાલે છે. તે તો સત્યાગ્રહ શબ્દને બદનામ કરનાર કાર્યક્રમો છે અને સત્યાગ્રહ શક્તિને કુંઠિત કરનારા કાર્યક્રમો છે. તેને સત્યાગ્રહ માની લેવાને બદલે સત્યાગ્રહના અસલ સ્વરૂપને સમજીને તેની ઉપાસના કરવી જોઈએ. *7*

ગાંધીજીની ચળવળ કે જાહેર જીવનની વિશ્વ પ્રસિદ્ધ સક્રિયતાનો પાયો સત્યની ઉપાસના છે આખી જિંદગી અંગ્રેજો સામે લડવા છતાં તેઓ અધિકારપૂર્વક કહી શકયા કે ‘ મારે કોઈ શત્રુ નથી’ ક્ષમા કરવામાં તેઓ કદી વિલંબ કરતા નહિ. દક્ષિણ આફ્રિકામાં, લાઠીથી ફટકારનાર પોલીસને કે ચળવળ વખતે હુમલો કરનાર મીર આલમને માફ કરનાર ગાંધીજી માટે કોઇ પ્રતિપક્ષ કે વિરોધપક્ષે હતું જ નહીં. જુદું મંતવ્ય ધરાવનારને સમજવા કે સાંભળવા માટેની અસાધારણ ધીરજ તેમણે કેળવી હતી. સામા પક્ષના દ્રષ્ટિકોણને કરુણાપૂર્વક જોવા-તપાસવાનો આગ્રહ જ સત્યાગ્રહ. સત્યાગ્રહમાં આગ્રહનું નહિ પણ સત્યનું જે મહત્વ છે એ આજ સુધી બહુ ઓછા લોકો સમજી શક્ય છે અને જે લોકો સમજી શક્યા છે, તેવા લોકો પણ આગ્રહથી મુક્ત થઈ શકતા નથી. ‘ હરિને માર્ગ છે શૂરાનો’ – એટલે કે

સત્યની કેડી કાંટાળી છે એમ સમજતા સામાન્ય માણસને સત્યાગ્રહી ગાંધીજી સાથે કોઇ વખતે મેળ પડતો નથી. ગાંધીજી માટે ખૂબ આદર ધરાવનાર આદર પ્રગટ કરી ઠરીઠામ થઈ જાય અને સત્ય, અહિંસા કે સર્વાંશ્લેષી માનવતાનો જેને જરા પણ ખપ ના હોય તેમના માટે. ' ગાંધીજી આ જમાનામાં ન ચાલે એ કહેવું સરળ થઈ જાય. 'શું ગાંધીજી આજે પ્રસ્તુત છે ?' એવી નિબંધ સ્પર્ધાનું પણ આયોજન થાય. સત્ય, પ્રેમ, કરુણા જેવાં જીવનમૂલ્યો સાર્વત્રિક રીતે આચરણમાં હોય એવો આગ્રહ પોતાની જીવનશૈલીથી રાખનાર માણસ, હિંસક રીતે મહત્વાકાંક્ષી લોકો માટે અપ્રસ્તુત જ રહે છે.

ભારતીય સંસ્કૃતિ, પરંપરાનું ધ્યાનસૂત્ર છે; ' સત્યમેવ જય તે' – સત્યાગ્રહ આ સૂત્રનું જીવનભાષ્ય છે, સત્યાગ્રહ એ માત્ર જાહેરજીવનમાં ચળવળ માટે જ અમલ લેવાનું શસ્ત્ર કે શાસ્ત્ર નથી. વ્યક્તિગત રીતે દરેક મનુષ્ય માટે સત્યના આગ્રહની સવિવેક સમજણ અનેક પ્રકારની અરાજકતાથી ઉગારી લે છે.

ગાંધીજીએ માત્ર રેલી, જાહેરસભા કે ઉપવાસ કરીને જ સત્યાગ્રહના ઉદાહરણ પૂરા પાડ્યા નથી. ગાંધીજીનો સત્યાગ્રહ જીવનની સૂક્ષ્માતિસૂક્ષ્મ બાબત સાથે વણાયેલો છે. નાનપણમાં સફાઈ કામદાર ઉકા સાથે આભડછેટ રાખવાની માતુશ્રીની સૂચના બાળ મોહનને સ્પર્શતી નથી. 'આપણે સૌ એક પિતાના સંતાન' એવી સમજણના મૂળ બાળપણની આવી ઘટનામાં પડલા છે. કોમી એકતા, અસ્પૃશ્યતા નિવારણ, સાદગી, શરીરશ્રમ અને ખાદી દ્વારા સ્વાવલંબન કેળવવું, ગ્રામસ્વરાજની સંકલ્પના તેમની સત્યાગ્રહી જીવનશૈલીમાંથી પ્રગટેલા સંસ્કાર પુષ્પ છે.

સત્યાગ્રહને ઉપવાસ કે હડતાલથી જોડી તેનો અર્થ મર્યાદિત કરવાનો નથી. સત્યાગ્રહનું શસ્ત્ર પ્રતિપક્ષના હ્દયપરિવર્તનની અપેક્ષા જગાડે છે. જેની સાથે લડવાનું થાય તે વ્યકિત કે સંસ્થાને પણ લડનાર માટે અનાદરના થાય તેવું  આત્મબળ, નમ્રતા, સ્ત્યાગ્રાહીમાં અપેક્ષિત છે. આમ, સત્યાગ્રહ એ ગાંધીજીએ સમગ્ર વિશ્વને આપેલી અણમોલ ભેટ છે સત્યમાર્ગી ગાંધીજી જે રસ્તે ચાલ્યા એ રસ્તે ભીડ ઓછી છે.  જેટલા લોકો જનકલ્યાણ માટે કે આત્મકલ્યાણ માટે ગાંધીમાર્ગે ચાલ્યા છે તેઓ લોકહ્રદયમાં પ્રતિષ્ઠિત થયા છે, થાય છે.

પાદનોંધ :

૧. પતંગિયાની આનંદયાત્રા – ગુણવંત શાહ, ચોથી આવૃત્તિ- પ્રકાશક: આર. આર. શેઠ એન્ડ કં. પ્રા. લિ. ૨૦૧૨-પૃ-૮.

૨. ‘સત્યના પ્રયોગો’ – મોહનદાસ કરમચંદ ગાંધી, પ્રકાશક: નવજીવન ટ્રસ્ટ, પુનઃ : પ્રકાશન: ૨૦૧૯, પૃ. ૩૦૧.

૩. ગાંધીજીનો અક્ષરદેહ - પુસ્તક- 22, પૃ. ૧૩૭ નવજીવન પ્રકાશન મંદિર

૪. ગાંધી- જેવા જોયા-જાણ્યા વિનોબાએ; સં. કાંતિ શાહ પ્રકાશન : ૨૦૦૮ યજ્ઞ પ્રકાશન

૫. ‘એજન’ પૃ. 66

૬. ‘એજન’ પૃ. 72

૭. ‘એજન’ પૃ. 75

.........................................................................................................

પ્રો. (ડૉ.) યોગેન્દ્ર પારેખ

નિયામક, સ્કુલ ઓફ હ્યુમેનીટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ